## રણજી ટ્રોફી : પુડુચેરી, કર્ણાટક, ગુજરાત, ત્રિપુરા, બરોડા અને મુંબઇની જીત સાથે શરૂઆત

**આંધ્ર** અને બંગાળ, યુપી અને કેરળ, રેલવે અને ચંદીગઢ તેમજ મંધ્યપ્રદેશ અને ઉત્તરાખંડની મેચ ડ્રો રહી

**રિયાન** પરાગની આક્રમક સદી છતાં આસામનો છત્તીસગઢ સામે 10 વિકેટે કારમો પરાજય થયો

નવી દિલ્હી, તા. 08 : રણજી ટ્રોફીની વર્તમાન સિઝનમાં એલિટ ગ્રુપ ડીમાં પુડુચેરીએ ઝડપી બોલર એબિન મેથ્યુના શાનદાર પ્રદર્શનથી યજમાન દિલ્હીને નવ વિકેટથી તો કર્ણાટકે એલિટ ગ્રુપ સીની એકતરફી મેચમાં પંજાબને 7 વિકેટથી જ્યારે વલસાડમાં રમાયેલી ગ્રુપ સીની મેચમાં ગુજરાતે તામિલનાડુને 111 રને તેમજ ગ્રુપ સીની અગરતલામાં રમાયેલી મેચમાં ત્રિપુરાએ ગોવાને 257 રનના વિશાળ માર્જીનથી તેમજ બરોડાએ ઓડિશાને 147 રનના વિશાળ માર્જિનથી તેમજ મુંબઈએ બિહારને એક દાવ અને 51 રને હરાવીને પોતાના અભિયાનની જોરદાર શરૂઆત કરી હતી. આ સિવાય આંધ્રપ્રદેશ અને બંગાળ સામેની મેચ, ઉત્તર પ્રદેશ અને કેરળ વચ્ચેની મેચ, રેલવે અને ચંદીગઢ વચ્ચેની મેચ, મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડ વચ્ચેની મેચ ડ્રો રહી હતી. રાયપુરમાં રિયાન પરાગની 155 રનની શાનદાર ઈનિંગ છતાં આસામનો છત્તીસગઢ સામે 10 વિકેટે કારમો પરાજય થયો હતો.

# રોહિત અને કોહલીના સમાવેશનું પસંદગીકારોનું સલામત વલણ ટી-20 વર્લ્ડકપમાં ભારતને ભારે પડશે?

**રોહિત** અને કોહલીને અંતિમ તક મળે તેનો વાંધો નથી પણ નવા ખેલાડીઓની પસંદગીનું વલણ ધરાવતા પસંદગીકારોના કિસ્સામાં એવું ન કહી શકાય

**ગુજરાત** મિત્રના કોલમિસ્ટ સુનિલ ગાવસ્કર અને માજી કેપ્ટન સૌરવ ગાંગુલી જો કે વિરાટ-રોહિતના સમાવેશની હિમાયત કરી રહ્યા છે



નવી દિલ્હી, તા. 08 (પીટીઆઈ) પસંદગીકારોએ 14 મહિનામાં પ્રથમ વખત રોહિત શર્મા અને વિરાટ કોહલીને ટી-20 ટીમમાં સ્થાન આપીને સલામત અભિગમ અપનાવ્યો છે, પરંતુ શું તેમનો નિર્ણય ભારતને ટી-20 વર્લ્ડકપમાં મોંઘો પડશે કે કેમ તે તો સમય આવશે ત્યારે જ ખબર પડશે. છેલ્લા બે ટી-20 વર્લ્ડકપમાં ટાઇટલ જીતવામાં નિષ્ફળ રહ્યા પછી, રોહિત અને કોહલીને બીજી તક મેળવવા માટે દોષી ઠેરવી શકાય નહીં. પરંતુ નવેમ્બર 2022માં સેમિફાઈનલમાં ઈંગ્લેન્ડ સામેની હાર બાદ ટીમમાં ઘણા નવા ખેલાડીઓની પસંદગી કરનારા પસંદગીકારોના કિસ્સામાં પણ આવું કહી શકાય નહીં.

રોહિત અને કોહલીને હવે અફઘાનિસ્તાન સામે 11 જાન્યુઆરીથી શરૂ થનારી ત્રણ મેચની ટી-20 સીરિઝ માટે ટીમમાં પસંદ કરવામાં આવ્યા છે, જે સ્પષ્ટ સંકેત છે કે આ બંને દિગ્ગજ જૂનમાં અમેરિકા અને વેસ્ટઈન્ડિઝમાં યોજાનાર વર્લ્ડકપમાં ભારતીય ટીમનો ભાગ હશે. આ બંને દિગ્ગજ ખેલાડીઓએ ભારતને વન ડે વર્લ્ડકપની ફાઇનલમાં પહોંચાડવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી, પરંતુ શું તેઓ રમતના સૌથી ટૂંકા ફોર્મેટની માગને અનુરૂપ રહેશે?

રોહિતે વન ડે વર્લ્ડકપમાં શરૂઆતથી જ આક્રમક વલણ અપનાવ્યું હતું અને તે મોહાલીમાં શરૂ થઈ રહેલી અફઘાનિસ્તાન સામેની સીરિઝમાં પણ આ જ શૈલીમાં રમી શકે છે. બીજી તરફ કોહલીની રમત 50 ઓવરના ફોર્મેટમાં વધુ અનુકુળ છે પરંતુ તેણે જે 148 ટી-20 મેચ રમી છે તેમાં તેણે 137.96ના સારા સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા છે. તેનાથી વિપરીત, તેની ટીમના સાથી અને વિશ્વના શ્રેષ્ઠ ટી-20 બેટ્સમેન સૂર્યકુમાર યાદવનો સ્ટ્રાઈક રેટ 170થી વધુ છે.

યશસ્વી જયસ્વાલ અને ઋતુરાજ ગાયકવાડે તેમને જે પણ તકો મળી છે તેમાં તેમની ક્ષમતા બતાવી છે, પરંતુ આઈસીસી સ્પર્ધાઓમાં અનુભવનો કોઈ વિકલ્પ નથી. સુનીલ ગાવસ્કર અને સૌરવ ગાંગુલીએ પણ આ વાતને મહત્વ આપ્યું અને ટી-20 વર્લ્ડકપની ટીમમાં રોહિત અને કોહલીને સામેલ કરવાની હિમાયત કરી. માજી ભારતીય પસંદગીકાર શરણદીપ સિંહે પણ રોહિત અને કોહલીને ટીમમાં સામેલ કરવાના નિર્ણયને યોગ્ય ગણાવ્યો હતો.

# ICC કેપટાઉન ન્યૂલેન્ડસની પીચને પ્રતિબંધિત કરે તેવી સંભાવના, ડિમેરિટ પોઇન્ટ પણ મળશે

**માત્ર** દોઢ દિવસ સુધી ચાલેલી ટેસ્ટને કારણે ન્યૂલેન્ડ્સની પીચને ખરાબ અથવા અનફિટ રેટિંગ આપવા સિવાય મેચ રેફરી ક્રિસ બ્રોડ પાસે બીજો વિકલ્પ નથી

દુબઇ, તા. 08 : કેપ ટાઉનના ન્યૂલેન્ડ્સ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની બીજી અને અંતિમ ટેસ્ટ મેચ માત્ર દોઢ દિવસમાં પૂરી થયા પછી હવે ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ આ પીચને પ્રતિબંધિત કરે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે. આ મેચના પહેલા દિવસે 23 વિકેટ પડી હતી અને ત્યારથી ન્યૂલેન્ડ્સની પિચની ટીકા થઈ રહી હતી. હવે સમાચાર એ છે કે ન્યૂલેન્ડ્સની પિચને ડીમેરિટ પોઈન્ટ્સ તો મળશે જ પણ તેની સાથે આઇસીસી તરફથી પ્રતિબંધ પણ મૂકવામાં આવે તેવી શક્યતા છે. કેપટાઉન ટેસ્ટમાં ભારતનો સાત વિકેટે વિજય થયો હતો. આ ટેસ્ટ માત્ર પાંચ સેશન ચાલી હતી અને આ સાથે આ મેચ ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસની સૌથી ટૂંકી મેચ બની ગઈ હતી.

એક સ્પોર્ટસ વેબસાઇટના રિપોર્ટ અનુસાર આઇસીસી ન્યૂલેન્ડ્સની પિચ પર પ્રતિબંધ લગાવી શકે છે. આઇસીસી ગ્રાઉન્ડને ડીમેરિટ પોઈન્ટ આપી શકે છે. જો કે, ભારતીય કેપ્ટન રોહિત શર્માને મેચ રેફરી સામેની તેમની ટિપ્પણીઓનો સામનો આઇસીસી તરફથી પ્રતિબંધ તરીકે કરવો પડશે કે કેમ તે અંગે કોઈ માહિતી નથી. આ મેચ માત્ર 642 બોલ (107 ઓવર) સુધી ચાલી હતી. આ મેચ બાદ ઘણા ભારતીય દિગ્ગજો અને ઘણા સિનિયર ખેલાડીઓએ પિચની ટીકા કરી હતી. હવે બધાની નજર મેચ રેફરી ક્રિસ બ્રોડ પર છે કે તે શું નિર્ણય લે છે. ઈંગ્લેન્ડના ભૂતપૂર્વ બેટ્સમેન અને અનુભવી મેચ રેફરી ક્રિસ બ્રોડ ભારતીય ટીમમાં લોકપ્રિય નથી. રિપોર્ટ અનુસાર, બ્રોડ પાસે ખરાબ અથવા અનફિટ રેટિંગ આપવા સિવાય કોઈ વિકલ્પ નથી.

# આજે ત્રીજી ટી-20 : ભારતીય મહિલા ટીમનો ઇરાદો ઓસ્ટ્રેલિયા સામે ઘરઆંગણે પહેલી સીરિઝ જીતવાનો

**ભારતીય** ટીમ પાસે ઓસ્ટ્રેલિયાને હરાવીને આ ફોર્મેટમાં જીત સાથે 2024 ટી-20 ઇન્ટરનેશનલ વર્લ્ડકપ વર્ષની શરૂઆત કરવાની સારી તક



નવી મુંબઈ, તા. 08 (પીટીઆઇ) : મહિલા ક્રિકેટમાં આવતીકાલે મંગળવારે અહીં જ્યારે ભારતીય મહિલા ક્રિકેટ ટીમ ત્રીજી અને અંતિમ મેચમાં ઓસ્ટ્રેલિયા સામે મેદાને ઉતરશે ત્યારે જીત સાથે લાંબી અને મિક્સ સફળતાવાળી સ્થાનિક સિઝનનો અંત લાવવા અને ઓસ્ટ્રેલિયા સામે ઘરઆંગણે પ્રથમ વખત ટી-20 ઈન્ટરનેશનલ સીરિઝ જીતવાનો ઈરાદો ધરાવશે.

ત્રણ મેચની સીરિઝ હાલ 1-1થી બરાબર છે અને હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ પાસે ડિફેન્ડિંગ વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને હરાવીને આ ફોર્મેટમાં જીત સાથે 2024 ટી-20 ઈન્ટરનેશનલ વર્લ્ડકપ વર્ષની શરૂઆત કરવાની સારી તક છે. ભારતે ઓસ્ટ્રેલિયા સામેની પાંચ દ્વિપક્ષીય ટી-20 શ્રેણીમાંથી માત્ર એક જ જીતી છે જ્યારે ચારમાં હારનો સામનો કરવો પડ્યો છે. ભારતની એકમાત્ર સીરિઝ જીત 2015-16માં ઓસ્ટ્રેલિયામાં આવી હતી અને તે આ ટીમ સામે તેની સિદ્ધિઓમાં ટોચ પર છે.

ભારતે પ્રથમ મેચમાં ઓસ્ટ્રેલિયાને વિક્રમી નવ વિકેટથી હરાવ્યું હતું પરંતુ બીજી મેચમાં યજમાન ટીમને છ વિકેટે હારનો સામનો કરવો પડ્યો હતો. કેપ્ટન હરમનપ્રીતનું ફોર્મ ભારત માટે ચિંતાનો વિષય છે. ભારતીય કેપ્ટન તમામ ફોર્મેટમાં છેલ્લી 10 મેચોમાં અડધી સદી ફટકારવામાં નિષ્ફળ રહી છે. તે છેલ્લી 11 ઈનિંગ્સમાં સાત વખત ડબલ ફિગર સુધી પહોંચવામાં પણ નિષ્ફળ રહી છે.

# એશિયન શૂટિંગ ક્વોલિફાયર્સમાં વરૂણ અને ઈશાએ ગોલ્ડ સાથે ઓલિમ્પિક ક્વોટા જીત્યો

**વરૂણ** અને ઇશાએ 10 મીટર એર પિસ્તોલની વ્યક્તિગત ઇવેન્ટ ઉપરાંત પોતપોતાની ટીમ ઇવેન્ટમાં પણ ગોલ્ડ જીત્યો

**વરૂણ** અને ઇશાના ઓલિમ્પિક્સ ક્વોલિફિકેશનની સાથે ભારતીય શૂટરોએ પેરિસ ઓલિમ્પિક્સ માટે 15 ક્વોટા મેળવ્યા





જકાર્તા, તા. 08 (પીટીઆઇ) : ભારતના યુવા શૂટરો વરુણ તોમર અને ઈશા સિંહે સોમવારે અહીં એશિયન ઓલિમ્પિક્સ ક્વોલિફાયર્સમાં અનુક્રમે પુરૂષ અને મહિલાની 10 મીટર એર પિસ્તોલની વ્યક્તિગત સ્પર્ધામાં ગોલ્ડ મેડલ જીતીને ભારત માટે બે ઓલિમ્પિક ક્વોટા નિશ્ચિત કર્યા હતા. આ બંને ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય થયા બાદ, ભારતના શૂટરોએ પેરિસ ગેમ્સ માટે 15 ક્વોટા મેળવ્યા છે અને ટોક્યો ગેમ્સમાં સૌથી વધુ શૂટર્સને સામેલ કરવાના તેમના અગાઉના શ્રેષ્ઠ પ્રદર્શનની પણ બરાબરી કરી હતી.

ભારતીય શૂટરોને બાકીની ક્વોલિફાયર ઈવેન્ટ્સ દ્વારા આ વર્ષે જુલાઈ-ઓગસ્ટમાં યોજાનારી ગેમ્સમાં સ્થાન મેળવવાની તક પણ મળશે. ભારતે આ ખંડીય સ્પર્ધાના પ્રથમ દિવસે બે ટીમ ગોલ્ડ સહિત કુલ છ મેડલ સાથે તેના અભિયાનની શરૂઆત કરી હતી. 20 વર્ષીય તોમરે 239.6ના સ્કોર સાથે ફાઇનલમાં ટોચનું સ્થાન મેળવીને ગોલ્ડ જ્યારે ભારતના જ અર્જુન ચીમાએ 237.3 સાથે સિલ્વર મેડલ અને મંગોલિયાના દેવખુ એન્ખ્તાઇવાને 217.2ના સ્કોર સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ પહેલા વરૂણ, અર્જુન અને ઉજ્જવલ મલિકની ભારતીય ટીમે કુલ 1740 પોઈન્ટ સાથે ટીમ ઈવેન્ટમાં ટોચ પર રહી ગોલ્ડ જ્યારે ઈરાન અને કોરિયાએ અનુક્રમે સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા હતા.

મહિલા કેટેગરીમાં 19 વર્ષની ઈશાએ ફાઇનલમાં 243.1 પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. પાકિસ્તાનની કિશમાલા તલતે 236.3 પોઇન્ટ સાથે સિલ્વર જ્યારે ભારતની જ રિધમ સાંગવાને 214.5 પોઇન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ઈશા, રિધમ અને સુરભી રાવની ભારતીય ત્રિપુટીએ પણ ટીમ ઈવેન્ટમાં કુલ 1736 પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. ઈશાએ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં 10 મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ અને 25 મીટર પિસ્તોલ ટીમ સાથે ગોલ્ડ મેડલ જીત્યો છે.

# અનાહત 2024 બ્રિટિશ જુનિયર ઓપન સ્ક્વોશમાં રનર્સઅપ રહી



બર્મિંઘમ, તા. 08 (પીટીઆઇ) : ભારતની ઉભરતી સ્ટાર સ્ક્વોશ ખેલાડી અનાહત સિંહ અહીં બ્રિટિશ જુનિયર ઓપન સ્ક્વોશ ટૂર્નામેન્ટની છોકરીઓની અંડર-17 કેટેગરીમાં રનર્સ-અપ રહી હતી. અનાહતને રવિવારે બર્મિંગહામ યુનિવર્સિટી ખાતે 68 મિનિટ સુધી ચાલેલી કઠિન ફાઇનલમાં બીજી ક્રમાંકિત ઈજિપ્તની નાદીન અલ્હામી સામે 2-3થી હારનો સામનો કરવો પડ્યો હતો.

ભારતની 15 વર્ષીય અનાહતે પ્રથમ ગેમ 11-7થી જીતી લીધી હતી પરંતુ આ પછી નાદિને જોરદાર વાપસી કરીને ટાઈબ્રેકમાં આગામી બે ગેમ 13-11 અને 12-10થી જીતીને 2-1ની સરસાઈ મેળવી હતી. અનાહતે ચોથી ગેમ 11-5થી જીતીને સ્કોર 2-2 કર્યો હતો પરંતુ ઈજિપ્તની ખેલાડીએ પાંચમી અને નિર્ણાયક ગેમ 11-9થી જીતીને ટાઇટલ જીત્યું હતું.

# દક્ષિણ આફ્રિકાના હેનરિક ક્લાસને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી

**2019માં** રાંચીમાં ભારત સામે ડેબ્યુ કરનાર ક્લાસેને માત્ર ચાર ટેસ્ટની ટૂંકી કેરિયરમાં 104 રન બનાવ્યા છે

**રેડ** બોલ ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરનાર હેનરિક ક્લાસેન વ્હાઇટ બોલ ફોર્મેટમાં રમવાનું ચાલુ રાખશે

પ્રિટોરિયા, તા. 08 : સાઉથ આફ્રિકાના વિકેટકીપર બેટ્સમેન હેનરિક ક્લાસને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરીને રેડ બોલ ફોર્મેટમાં તેની ટૂંકી કારકિર્દીનો અંત આણ્યો છે. 2019માં રાંચીમાં ભારત સામે ટેસ્ટ ડેબ્યૂ કરનાર 32 વર્ષીય ક્લાસને તેની ટૂંકી ટેસ્ટ કેરિયરમાં ચાર મેચ રમી હતી. તેણે તેની છેલ્લી ટેસ્ટ ગયા વર્ષે જોહાનિસબર્ગમાં વેસ્ટ ઈન્ડિઝ સામે રમી હતી. ક્લાસને તેની ટેસ્ટ કેરિયરમાં 13.00ની એવરેજથી 104 રન બનાવ્યા હતા અને સિડનીમાં ઓસ્ટ્રેલિયા સામે તેની શ્રેષ્ઠ ઈનિંગ્સ 35 રન હતી. જોકે ક્લાસેન સફેદ બોલના ફોર્મેટમાં દક્ષિણ આફ્રિકાનું પ્રતિનિધિત્વ કરવા માટે ઉપલબ્ધ રહેશે.

વિકેટ કીપર બેટ્સમેને નિવેદનમાં કહ્યું હતું કે હું થોડા દિવસો સુધી એ વિચારીને ઊંઘી શક્યો નહીં કે શું હું યોગ્ય નિર્ણય લઈ રહ્યો છું કે નહીં. મેં રેડ બોલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય કર્યો છે. મેં આ મુશ્કેલ નિર્ણય લીધો છે કારણ કે આ રમતનું મારું મનપસંદ ફોર્મેટ છે. તે એક શાનદાર સફર રહી છે અને મને ખુશી છે કે હું મારા દેશનું પ્રતિનિધિત્વ કરવામાં સફળ રહ્યો છું એવું તેણે ઉમેર્યું હતું.

## ક્રેજિકોવા અને હદાદ મૈયા એડિલેડ ઈન્ટરનેશનલના પ્રથમ રાઉન્ડમાં હારીને આઉટ



એડિલેડ, તા. 08 : માજી ફ્રેન્ચ ઓપન ચેમ્પિયન બાર્બરા ક્રેજિકોવા અને બીટ્રિઝ હદ્દાદ મૈયાને સોમવારે અહીં એડિલેડ ઈન્ટરનેશનલ ટેનિસ ટૂર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં હારનો સામનો કરવો પડ્યો હતો. ક્વોલિફાયર અન્ના કાલિન્સ્કાયાએ 2021ની ફ્રેન્ચ ઓપન વિજેતા અને ચોથી ક્રમાંકિત ક્રેજિકોવાને 7-5, 3-6, 7-5થી હરાવી હતી.

જ્યારે કાલિન્સકાયા ત્રીજા અને નિર્ણાયક સેટમાં 6-5થી આગળ હતી, ત્યારે તેને ક્રેજિકોવાની સર્વ પર ત્રણ મેચ પોઈન્ટ મળ્યા હતા, જેમાંથી તેણે ત્રીજો પોઈન્ટ જીતીને મેચ જીતી લીધી હતી. અગાઉ ફ્રેન્ચ ઓપનની ફાઈનલમાં પહોંચી ચૂકેલી પાવલ્યુચેન્કોવાએ પાંચમી ક્રમાંકિત હદાદ મૈયાને 6-3, 6-4થી હરાવીને ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટ દ્વારા મુખ્ય વર્ગમાં પ્રવેશ મેળવ્યો હતો. પ્રથમ રાઉન્ડની અન્ય એક મેચમાં અન્ના બોગદાને કેટી બોલ્ટરને 6-3, 6-4થી હરાવી હતી. બીજી તરફ હોબાર્ટ ઈન્ટરનેશનલ ડબલ્યુટીએ ટૂર્નામેન્ટમાં ટોચની ક્રમાંકિત એલિસ મેર્ટેન્સે ડેનિયલ કોલિન્સને 6-2, 6-3થી હરાવીને બહારનો રસ્તો બતાવ્યો હતો.

# એફએ કપમાં આર્સેનલની મુશ્કેલીઓ યથાવત, લિવરપૂલ સામે 0-2થી હાર્યું



**માન્ચેસ્ટર** સિટીએ હડર્સફિલ્ડને 5-0થી જ્યારે રેક્સહામે શ્રુસબરી સામે 1-0થી જીત મેળવી, વેસ્ટહામ, નોટિંઘમ ફોરેસ્ટ અને લ્યુટનની મેચ ડ્રો રહી

લંડન, તા. 08 : રવિવારે અહીં એફએ કપ ફૂટબોલ ટૂર્નામેન્ટના ત્રીજા રાઉન્ડમાં આર્સેનલનો લિવરપૂલ સામે 0-2થી પરાજય થયો હતો અને ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહેલી આર્સેનલે તમામ સ્પર્ધાઓમાં તેની છેલ્લી સાત મેચમાંથી ચાર હારી છે. રવિવારની હાર આ ટીમ સતત ત્રીજી હાર રહી હતી.

રવિવારે, લિવરપૂલ સામે, આર્સેનલના ડિફેન્ડર જેકબ કિવિઓરે 80મી મિનિટે આત્મઘાતી ગોલ કર્યો હતો જ્યારે લુઈસ ડિયાઝે ઈન્જરી ટાઈમની ચોથી મિનિટે ગોલ કરીને ટીમનો 2-0થી વિજય સુનિશ્ચિત કર્યો હતો. અન્ય મેચમાં, માન્ચેસ્ટર સિટીએ સેકન્ડ લેયર ટીમ હડર્સફિલ્ડ પર 5-0થી આરામદાયક જીત નોંધાવી હતી. માન્ચેસ્ટર સિટી માટે, ફિલ ફોડેને 33મી અને 65મી મિનિટે બે ગોલ જ્યારે જુલિયન આલ્વારેઝે 37મી મિનિટે અને જેરેમી ડોકુએ 74મી મિનિટે એક-એક ગોલ કર્યો હતો. હડર્સફિલ્ડના બેન જેક્સને પણ આત્મઘાતિ ગોલ કર્યો હતો. રેક્સહામે શ્રુસબરી સામે 1-0 થી જીત મેળવી હતી. વેસ્ટહામની સેકન્ડ લેયરની ટીમ બ્રિસ્ટોલ સિટી સામેની મેચ 1-1થી, નોટિંઘમ ફોરેસ્ટની થર્ડ લેયરની ટીમ બ્લેકપૂલ સામેની મેચ 2-2થી જ્યારે લ્યુટનની થર્ડ લેયરની ટીમ બોલ્ટન સામેની મેચ ગોલ રહિત ડ્રો રહી હતી.

# બ્રાઝિલના મહાન ફૂટબોલર મારિયો ઝગાલોનું નિધન, રિયો ડિ જાનેરોમાં અંતિમ વિદાય અપાઇ




**મલ્ટિપલ** ઓર્ગન ફેલ્યોરને કારણે મૃત્યુ પામેલા ઝગાલો એક ખેલાડી અને મેનેજર બંને તરીકે વર્લ્ડકપ જીતનાર એકમાત્ર વ્યક્તિ

**1958** અને 62માં ખેલાડી તરીકે અને 1970માં કોચ તરીકે તો 1994માં સહાયક કોચ તરીકે તેઓ વર્લ્ડકપ વિજેતા ટીમમાં સામેલ હતા

રિયો ડી જાનેરો, તા. 08 : એક ખેલાડી અને મેનેજર બંને તરીકે વિશ્વ કપ જીતનાર પ્રથમ વ્યક્તિ એવા બ્રાઝિલના ફૂટબોલ દિગ્ગજ મારિયો ઝગાલોને અહીંના કબ્રસ્તાનમાં રવિવારે જ્યારે દફનાવવામાં આવ્યા ત્યારે પ્રશંસકો, ખેલાડીઓ અને કોચીસે તેમને અંતિમ વિદાય આપી હતી. મલ્ટીપલ ઓર્ગન ફેલ્યોર થવાને કારણે 92 વર્ષની વયે શુક્રવારે મોડી રાત્રે તેમનું અવસાન થયું હતું. સ્થાનિક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે ક્રિસમસ પછી તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ઝગાલોએ તેમના સ્વભાવ અને કુશળતાથી વૈશ્વિક સ્તરે લોકપ્રિયતા મેળવી હતી. રવિવારે શ્રદ્ધાંજલિની શરૂઆત જાહેર સભા સાથે થઈ અને બ્રાઝિલિયન ફૂટબોલ કન્ફેડરેશન (સીબીએફ) મ્યુઝિયમમાં મિત્રો અને પરિવારજનોની હાજરીમાં ખાનગી અંતિમસંસ્કાર થયા હતા. આ દરમિયાન, પરિવારના સભ્યો અને ફૂટબોલના મહાન કાફુ જેવા માજી ખેલાડીઓ સાથે ડઝનબંધ ચાહકો ઝગાલોને વિદાય આપવા આવ્યા હતા. ઝગાલોએ 1958 અને 1962માં ખેલાડી તરીકે બે વર્લ્ડકપ જીત્યા હતા. તેમણે 1970માં કોચ તરીકે અને 1994માં સહાયક કોચ તરીકે વર્લ્ડકપ જીતવામાં પણ સફળ રહ્યા હતા.

## વડોદરામાં યોજાયેલી ઇન્ટરનેશનલ મેરાથોનમાં નર્મદા જિલ્લાના અનિલ વસાવા પહેલા ક્રમે રહ્યા



સુરત : વડોદરામાં યોજાયેલી 11મી એમજી ઇન્ટરનેશનલ મેરાથોન શહેરના ઐતિહાસિક નવ લખી મેદાન ખાતે રાજયના ગૃહ મંત્રીની હાજરીમાં ફ્લેગ ઓફ કરવામાં આવી હતી. આ મેરાથોન ગુજરાતની સૌથી મોટી હેરિટેજ મેરાથોન છે. જેમાં સૌથી વધુ 1,34,291 રમતવીરો દ્વારા ભાગ લેવામાં આવ્યા હતા આ મેરેથોનમાં નર્મદા જિલ્લાના વસાવા અનિલભાઈ દિનેશભાઈએ 10 કિમીની ફૂલ મેરાથોનમાં ભાગ લઇને પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરતા તેમને નર્મદા જિલ્લા વતી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## ડિસ્ટ્રીક્ટ પાવર લિફ્ટીંગમાં હિતેશ કહારે બ્રોન્ઝ જીત્યો



સુરત : તાજેતરમાં સુરતના એસએમસી સ્પોર્ટસ કોમ્પલેક્ષ મંછરપુરા ખાતે સુરત ડિસ્ટ્રીક્ટ પાવર લિફ્ટીંગ સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં સુરત શહેરના 250 ખેલાડીઓએ ભાગ લીધેલ હતો. આ સ્પર્ધામાં સુરતના હિતેશ કહારે 93 કિલો વેઈટ કેટેગરીમાં 190 ડેડલિફ્ટ કરીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

